| | |
|---|---|
| Date: April 29, 2017 | Publication: Vyapar |
| Page No.: 7 | Edition: Mumbai, Bhuj, Rajkot and Surat |


આપનું નાણાં આયોજન

# ટ્રાવેલ વીમો લઈને હરોફરો, નિરાંતે

## પૅકિંગ કરતી વખતે બૅગના અને અંદરના સામાનના ફોટા પાડશો તો વીમાનો દાવો કરવામાં સરળતા રહેશે

વેકેશન એટલે માત્ર વિઝાની અરજી કરીને અને ટિકિટ બુકિંગ કરીને ઊડી જવું એવું નથી. આ માટે ટ્રાવેલ વીમો પણ એટલો જ જરૂરી છે. આ વીમો મુસાફરી દરમિયાન તમને વિપરીત સંજોગોમાં રક્ષણ આપે છે, જેથી તમે મહામુશ્કેલીથી વેકેશનને શાંતિથી માણી શકો.

ટ્રાવેલ વીમો લીધો હોય તો સ્થાનિક કે આંતરરાષ્ટ્રીય પ્રવાસ દરમિયાન અકસ્માત થાય, ફ્લાઇટ ચૂકી જવાય, સામાન ગુમ થાય અથવા તેની ચોરી થાય, બીમારી આવતા હૉસ્પિટલ જવું પડે કે પરિવારમાં કોઈનું અવસાન થાય ત્યારે અણધાર્યા આવી પડતા નાણાકીય જોખમ અને માનસિક તણાવ સામે આ વીમા કવચ રક્ષણ આપે છે. સામાન્ય રીતે ફ્લાઇટ બુકિંગ કરતી વખતે ટ્રાવેલ વીમો લેવામાં આવે છે.




ડૉ. જયદીપ દેવારે

મૅનેજિંગ ડિરેક્ટર

મહિન્દ્રા ઇન્સ્યોરન્સ બ્રોકર્સ


શ્રેષ્ઠ ટ્રાવેલ વીમો ખરીદવા માટે છેલ્લી મિનિટ સુધી રાહ જોવી નહીં.

પ્રવાસી કોઇ ચોક્કસ ટ્રિપ માટે અથવા તો ચોક્કસ સમયગાળામાં સંખ્યાબંધ ટ્રિપ્સને આવરી લેતી મલ્ટી-ટ્રિપ પૉલિસી ખરીદી શકે છે. મોટા ભાગની વીમા કંપનીઓ એક કે બે એક્સ્ટેન્શન્સ માટે જોગવાઇ ધરાવે છે.

તમારી ઉંમર ૫૦ વર્ષથી વધુ હોય તો પ્રીમિયમ વધી જાય છે. વીમાનો ખર્ચ પેકેજ અને દેશ પ્રમાણે બદલાયા કરે છે. જો તમે અમેરિકા કે કેનેડા જેવા દેશોમાં જાવ તો ત્યાં મેડિકલ ખર્ચ બહુ ઊંચો હોય છે. તેથી ત્યાં જાવ અને બીમાર પડો તો સારવાર માટે વધારે પૈસા ખર્ચવા પડે. બીજી બાજુ, પાસપોર્ટ કે સરહદી અંકુશ નાબૂદ કરનારા ૨૬ યુરોપિયન સમુદાય સમૂહ (ઈયુ) માટે શેન્જેનનો ટ્રાવેલ ઇન્સ્યૉરન્સ ફરજિયાત છે, પણ ઓછો ખર્ચ છે.

આમ તો, ટ્રાવેલ વીમો લેવો ફરજિયાત નથી, તેમ છતાં આ પોલિસી ખરીદવાની સલાહ છે, કારણ કે વિદેશમાં તબીબી સારવાર ભારત કરતા મોંઘી હોય છે અને મોટા ભાગનાને પોસાય તેવી નથી.

તમે ટ્રાવેલ વીમો ખરીદો પછી એ વાતની ખાતરી કરો કે તમામ પેપર્સ બરાબર હોય અને તમારી સૂટકેસમાં તે સલામત રીતે મૂકવામાં આવ્યા હોય. તમે ઍરપોર્ટ જવા રવાના થાવ તે પહેલાં ધ્યાનમાં રાખવા જેવી કેટલીક બાબતો અહીં સમજાવી છે.

### પેકિંગ પહેલાં

તમે પેકિંગ કરતા હોવ ત્યારે ટ્રાવેલ વીમાની પૉલિસીને લગતાં તમામ ડોક્યુમેન્ટ્સ બેગમાં મૂકવાનું ભૂલતા નહીં. ડોક્યુમેન્ટ્સ બરાબર હશે તો વિના અવરોધે વીમા કંપની સુધી સરળતાથી પહોંચી શકશો.

સેલફોનમાં તમામ ચીજોનું ડોક્યુમેન્ટેશન કરો. પેકિંગ કરતી વખતે બેગ અને અંદરના સામાનના ફોટા પાડો. બેગ ખોવાઇ જાય કે તેની ચોરી થઇ જાય તો તેનો ફોટો બતાવીને વીમા કંપનીને તે બેગમાં શું શું હતું તે સરળતાથી સાબિત કરી શકાશે.

આવી જ રીતે, પાસપોર્ટ સહિતના તમામ ટ્રાવેલ અને ઇન્સ્યોરન્સ ડોક્યુમેન્ટ્સની ફોટો અને સ્કેન્ડ કોપી રાખો. વીમા કંપનીની કોન્ટેક્ટ વિગતો ક્લાઉડ ડિવાઇસ પર મૂકો અને તે તેને પરિવારજનોની સાથે શેર કરો.

### વીમા કંપનીને સમયસર કોલ કરો



કમનસીબ ઘટનાના સંજોગોમાં પૉલિસીમાં દર્શાવેલા સમયગાળાની અંદર તમારી વીમા કંપનીને જાણ કરો. કંપનીના કોલ સેન્ટર કે કસ્ટમર કેર સેન્ટરને કોલ કરવામાં ખચકાવ નહીં. મુસાફરી રદ થાય, વિલંબ થાય, બેગેજ ખોવાય કે મોડો મળે, ફ્લાઇટ ચૂકી જવાય અને મેડિકલ ઇમરજન્સી જાગે ત્યારે જે તે સમસ્યાની તાત્કાલિક જાણ વીમા કંપનીને કરો.

આ ઉપરાંત સમસ્યાની ગંભીરતા પ્રમાણે સ્થાનિક પોલીસ અને દૂતાવાસ જેવી ઑથોરિટીને જાણ કરવા પણ મહત્ત્વનું છે.

આ પગલાંના બે લાભ છે?

- તમે વીમા કરવા માટેનાં કારણો સ્થાપિત કરી શકશો જેથી પાછળથી કોઇ વિવાદ ન થાય.
- વીમા કંપનીને પણ જાણ થઇ જશે કે તમારે તાત્કાલિક મદદની જરૂર છે. આમ કરવાથી કંપની તમને મુશ્કેલીમાંથી બહાર લાવવાની પ્રક્રિયા શરૂ કરી દેશે.

તમે વીમા કંપનીને કોલ કરો ત્યારે ઘટનાની શક્ય એટલી વિગતો આપો. એ પછી તમે વીમા કંપનીએ આપેલું ક્લેમ ફોર્મ ભરો અથવા તો ડાઉનલોડ કરો અને સંબંધિત ડેટા ભરો.

### નુકસાનની સાબિતી

ટ્રાવેલ વીમાનો ક્લેમ ફાઇલ કરતી વખતે નુકસાન, વિલંબ કે બીમારીની સાબિતી આપવી જરૂરી છે. આમાં ચોરી કે બીજા ગુનાના સંજોગોમાં પોલીસ રિપોર્ટ, બેગેજ ગુમ થવાના સંજોગોમાં ઍરલાઇન્સનું સર્ટિફિકેટ, મુસાફરી દરમિયાન તબીબી સારવાર લીધી હોય તો મેડિકલ સ્ટેટમેન્ટ અને ભોજન, રહેવાનો અને બીજા વધારાના ખર્ચ માટે ચૂકવેલા નાણાંનો સમાવેશ થાય છે.

જો તમે ટ્રિપ માટે પેકિંગ કરતી વખતે અને પહોંચ્યા પછી પણ આ સામાન્ય નિયમોનું પાલન કરશો તો જરૂરિયાત વેળા તમને કોઇ સમસ્યા નહીં નડે. વધુ મહત્ત્વનું તો એ છે કે આ તૈયારી સાથે જશો તો તમે ક્લેમ સારી રીતે કરી શકશો અને ટ્રાવેલ વીમાનો પૂરો લાભ ઉઠાવી શકશો.

ન્યૂ યોર્કની બિઝનેસ ટ્રીપ હોય કે કેરેબિયનની ક્રુઝ હોય, ડિઝનીલેન્ડનું વેકેશન હોય અથવા દુબઇની શોપિંગ ટ્રીપ, ટ્રાવેલ વીમાની ક્ષમતાને નજરઅંદાઝ ન કરો.